 ૧૨૫૭૧૩/૧૫

C.C.NO. /

# JUDGEMENT

(૧) આ કામમાં .........કા.ન.શ્રી....... પો. સ્ટે. દ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.
કલમ – ૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી
અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ
૨૦૭ અન્વેય વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત
પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/
નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપી આ તેમનો પ્રથમ ગુનો છે તેમ
જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો
ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે.
એ.પી.પી.શ્રીએ આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધ ગુના અંગે થઈ
શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂં છું.

## હુકમ

દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૫૫ હેઠળ ઈ.પી.કો. કલમ – ૨૮૩ ના ગુના
માટે તકસીરવાન ઠરાવી રૂા. ૨૦૦/– ( અંકે રૂપીયા બસો પુરા ) દંડ કરવામાં આવે છે. જો
દંડ ના ભરે તો આરોપીને ૨ (બે) દિવસ ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તારિખ : ૧૩/૭/૧૫

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૫, અમદાવાદ.
કોર્ડ નં. જીજે૦૧૦૦૦.